દેશભરમાં મેગી વિવાદ વધુ ગંભીર

દેશના સૌથી લોકપ્રિય સ્નેકમાં મોનોસોડિયમ ગ્લુટામેટનું પ્રમાણ મળી આવ્યું : ઘટક તત્વની યાદીમાં ઉલ્લેખ નથી

નવીદિલ્હી, તા. ૩

બાળકોમાં ખુબ જ લોકપ્રિય મેગી નૂડલ્સને લઈને વિવાદ વધુ ઘેરો બની ગયો છે. હવે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએઆઈ) દ્વારા

મેગી નૂડલ્સની તમામ વેરાઈટી ઉપર ટેસ્ટ કરવા માટે તમામ રાજ્યોને આદેશ કરી દીધો છે. સાથે સાથે પાંચમી જુન સુધી અહેવાલ આપવા માટે પણ સૂચના આપી દેવામાં આવી છે.આ ઘટનાક્રમથી નેસ્લે ઈન્ડિયાના ટોપના અધિકારીઓમાં પણ ભાગદોડ મચી ગઈ છે. આવનાર દિવસોમાં આને લઈને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. નેસ્લેના અધિકારીઓ વાતચીતમાં વ્યસ્ત બનેલા છે. નેસ્લેની તકલીફ વધે તેવા ઘટનાક્રમમાં દેશભરમાં તમામ બીગ બજારમાં મેગી નૂડલ્સના વેચાણ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ફ્યુચર ગ્રુપ દ્વારા આ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જુદા જુદા રાજ્યોમાં પણ સેમ્પલોમાં તપાસના આદેશ કરવામાં આવી ચુક્યા છે. દિલ્હી સરકારે આજે ફુડ સેફ્ટી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. હિમાચલ પ્રદેશ અને તમિળનાડુમાં પણ મેગી ઉપર લેબ ટેસ્ટના આદેશ કરાયા છે. આંધ્ર અને તેલંગાણા સરકારોએ પણ તપાસનો આદેશ કર્યો છે. પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં પણ આને લઈને તપાસના આદેશ કરાયા છે. વધુ પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખુબ જ લોકપ્રિય ટુ મિનિટ્સ ઈન્સ્ટન્ટ નૂડલ્સ પર સંભવિત પ્રતિબંધને લઈને પણ હિલચાલ ચાલી રહી છે. ફુડ એન્ડ સેફટી ડિપાર્ટમેન્ટના અધિકારીઓ પગલા લઈ રહ્યા છે. દિલ્હી સરકારના સૂત્રોએ કહ્યું છે કે, તમામ સંભવિત પગલા લેવાઈ રહ્યા છે. બીજી બાજુ દેશભરમાં તમામ મોટા વિભાગીય સ્કવોર્ડમાં મેગી નૂડલ્સના વેચાણને નહીં કરવાનો નિર્ણય કર્યો છે. દિલ્હીમાં સરકારી સ્ટોરમાં મેગી નૂડલ્સના વેચાણને બંધ કરવામાં આવ્યું છે. ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટીએ તમામ વેરાઈટીમાં ચકાસણીનો આદેશ કર્યો છે. દિલ્હીના આરોગ્યમંત્રી સત્યેન્દ્ર જૈનનું કહેવું છે કે, જરૂરી પગલા લેવાઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર પણ આને લઈને વાતચીતમાં વ્યસ્ત થઈ ચુકી છે. દરમિયાન ગોવામાં મેગી નૂડલ્સ સુરક્ષિત હોવાની વિગત સપાટી ઉપર આવી છે.

અ ે ફ ડી અ ે ન ા અધિકારીઓએ કહેવું છે કે, મેગી નૂડલ્સ ગોવામાં સુરક્ષિત દેખાયા છે. કર્ણાટકના આરોગ્યમંત્રી દ્વારા પણ મેગી સેમ્પલ એકત્રિત કરવા સંબંધિત વિભાગને આદેશ કર્યો છે. બીજી બાજુ મહારાષ્ટ્ર સરકારનું કહેવું છે કે, હજુ સુધી ટેસ્ટ કરવામાં આવેલા મેગીના સેમ્પલ અંગે કોઈ નકારાત્મક અહેવાલ મળ્યા નથી. અમારા રાજ્યમાંથી ૨૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. તેલંગાણામાં પણ મેગી સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. મેગી વિવાદ હજુ ખેંચાય તેવી શક્યતા દેખાઈ રહી છે. મેગી નૂડલ્સને લઈને દેશભરમાં જોરદાર ખળભળાટ મચી ગયો છે. હજુ આ ખેંચતાણનો અંત આવે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે જુદા જુદા વિસ્તારોમાંથી સેમ્પલના ટેસ્ટ કરાઈ રહ્યા છે.

અમિતાભ, માધુરી અને પ્રિતી ઝિન્ટાની સામે એફઆઈઆર

નવી દિલ્હી,તા. ૩

મેગીની જાહેરાતમાં કામ કરી ચુકેલા કલાકારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. માધુરી દિક્ષીત, અમિતાભ બચ્ચન અને પ્રિતી ઝિંટાને પણ પ્રશ્નોના જવાબ આપવા પડી શકે છે. મેગી નૂડલ્સની જાહેરાત માટે આ તમામને લેવામાં આવ્યા હતા. ગ્રાહક બાબતોના મંત્રાલયે ચેતવણી આપતા કહ્યું છે કે, જો જાહેરાતમાં ગેરમાર્ગે દોરતી કોઈ બાબત દેખાશે તો કલાકારો સામે પણ પગલા લેવાશે. બીજી બાજુ માધુરી દિક્ષીત સહિતના મેગી

બ્રાન્ડના લોકોને ચેતવણી મળવાની શરૂઆત થઈ ગઈ છે. નેસ્લેની લોકપ્રિય નૂડલ્સ પ્રોડક્ટ્સ ગેરમાર્ગે દોરતી દેખાશે તો તેમની જાહેરાત માટે સરકાર દ્વારા પગલા લેવામાં આવશે. બીજી બાજુ અમિતાભ બચ્ચને કહ્યું છે કે, મેગીની જાહેરાત કરવાને લઈને સરકાર તરફથી તેમને કોઈ નોટિસ મળી નથી. અમિતાભે એમ પણ કહ્યું છે કે, તેઓ કાયદા મુજબ તપાસમાં સહકાર આપવા સંપૂર્ણપણે કટિબદ્ધ છે. બે વર્ષ અગાઉ મેગી નૂડલ્સની જાહેરાતમાં કામ કરવાનું બંધ કરી દીધું હોવાની કબૂલાત અમિતાભ બચ્ચને કહી છે. બિહાર કોર્ટમાં અમિતાભ, માધુરી અને પ્રિતી ઝિન્ટા સામે એફઆઈઆર નોંધવાનું પોલીસને આદેશ કરવામાં આવી ચુક્યો છે. બિહાર કોર્ટમાં આ આદેશ કરાયો છે. એક વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ બાદ નેસ્લે ઈન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર રહેલા લોકોને ચેતવણી આપવામાં આવી છે.

આ વકીલે કહ્યું હતું કે, મેગી ખાધા બાદ તેઓ બિમાર થઈ ગયા હતા. કોર્ટે આઈપીસીની જુદી જુદી કલમ હેઠળ આ કલાકારો સામે એફઆઈઆર નોંધવાનો આદેશ કર્યો છે. આઈપીસીની ૪૨૦ કલમનો પણ સમાવેશ થાય છે. નેસ્લે ઈન્ડિયા સામે ઉત્તરપ્રદેશમાં બારાબંકી કોર્ટમાં યુપી ફુડ રેગ્યુલેટર એફએસબીએ દ્વારા નેસ્લે ઈન્ડિયા સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. અભિનેતા અમિતાભ બચ્ચન અને માધુરી અને પ્રિતી ઝીન્ટાને પણ ટુ મિનિટ્સ બ્રાન્ડ જાહેરાતમાં કામ કરવા બદલ જુદી જુદી રીતે કોર્ટમાં ખેંચવામાં આવી છે.

મેગીનું વેચાણ દેશભરમાં જોરદાર ઘટી ગયું : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૩

મેગી નૂડલ્સમાં કાયદેસરરીતે મંજુર કરવામાં આવેલી સપાટી કરતા ઉંચી સપાટીમાં લેડનું પ્રમાણ રહેલું છે તેવી બાબત લેબોરેટરી ટેસ્ટથી પુરવાર થયા બાદ મેગીના વેચાણમાં જોરદાર ઘટાડો થયો છે. મેગીનું વેચાણ બિલકુલ ઘટી ગયું છે. મોટાભાગના બજારોમાંથી મેગી નૂડલ્સ આઉટ થઈ રહ્યું છે. ટેસ્ટથી એવું પણ જાણવા મળ્યું છે કે, કેમિકલ ફ્લેવર આમા ઉમેરવામાં આવ્યા છે. મેગીના ઘટક તત્વોની પ્રોડક્ટ યાદીમાં જેનો ઉલ્લેખ નથી તેનો પણ આમા સમાવેશ કરાયો છે. એમએસજીનું પ્રમાણ આમા રહેલું છે. એમએસજી એટલે મોનોસોડિયમ ગ્લુટામેટનું પ્રમાણ આમા રહેલું છે. રાષ્ટ્રવ્યાપી ચકાસણી મેગી નૂડલ્સને લઈને ચાલી રહી છે. આરોગ્ય સામે પણ ખતરો રહેલો છે. ભારતના મોસ્ટ પોપ્યુલર સ્નેકમાં કેમિકલો દ્વારા ઉભા કરવામાં આવેલા આરોગ્યના ખતરાની બાબત સપાટી ઉપર આવ્યા બાદ હવે દરેક રાજ્યમાં મેગી નૂડલ્સ મામલામાં તપાસ ચાલી રહી છે. બિહાર, બંગાળ, કર્ણાટક, તમિળનાડુ, ઓરિસ્સા સહિતના રાજ્યોમાં પરિણામોની રાહ જોવાઈ રહી છે. ઘણા રાજ્યોમાં પરિણામ મળી ચુક્યા છે. કેટલાક રાજ્યો ચકાસણીમાં લાગેલા છે. જો મેગી ટેસ્ટમાં ફ્લોપ રહેશે તો આવનાર દિવસોમાં આ લોકપ્રિય સ્નેકને લઈને વધુ તકલીફ ઉભી થઈ શકે છે. મેગી જે બાળકો ખુબ જ ખુશીથી ખાય છે. મોટાભાગના બાળકોમાં મેગી ખુબ લોકપ્રિય છે પરંતુ મેગીમાં આરોગ્ય માટે ખતરનાક એવા ઘણા ઘટક તત્વો રહેલા છે જેમાં એમએસજી અને લેડનો સમાવેશ થાય છે. આ ઘટક તત્વો બાળકોની સાથે સાથે મોટા લોકો માટે પણ ખુબ ખતરનાક છે. સ્નેકમાં રહેલા રસાયણ, નુકસાનકારક અસર કરી રહ્યા છે. જો કે, આ બાબત હવે મોડેથી સપાટી ઉપર આવી છે.

યોગા દિવસ : સોનિયા, રાહુલ, અરવિંદ કેજરીવાલને આમંત્રણ

નવીદિલ્હી, તા. ૩

૨૧મી જૂનના દિવસે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગા દિવસ જોરદારરીતે સફળ રહે તે માટે મોદી સરકારે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, પાર્ટીના ઉપપ્રમુખ રાહુલ ગાંધી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા આજે આમંત્રણ આપ્યું હતું. કેન્દ્ર સરકારે સંસદના તમામ સભ્યોને પણ આમંત્રણ આપ્યું છે. તમામ કેન્દ્રીય કેબિનેટના પ્રધાનો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. સાંસ્કૃતિક પ્રધાન શ્રીપદ નાયકે કહ્યું છે કે,

અમે આંતરરાષ્ટ્રીય યોગા દિવસ પર રાજપથ ખાતે ભવ્ય કાર્યક્રમ યોજવા જઈ રહ્યા છીએ. આશરે એક લાખ લોકો આમા ભાગ લે તેવી શક્યતા છે. જેમાં બાળકો, પોલીસ અને આર્મીના અધિકારીઓ અને જવાનોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એવું ઈચ્છે છે કે, આંતરરાષ્ટ્રીય યોગા દિવસને ભારતમાં સફળ બનાવવા તમામ પ્રયાસો કરવામાં આવે તેના માટે તમામ ખાતરી કરવામાં આવી રહી છે. ઉચ્ચ સ્તરીય બેઠક હાલમાં યોજાઈ હતી જેમાં આ કાર્યક્રમને સફળ બનાવવાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરાઈ હતી. ગયા વર્ષે સંયુક્તરાષ્ટ્ર ડિસેમ્બર મહિનામાં ૨૧મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગા દિવસ મનાવવાની જાહેરાત કરી હતી. ૧૭૭ દેશોએ આની તરફેણમાં મતદાન કર્યું હતું અને નવો રેકોર્ડ સર્જાયો હતો. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં સંયુક્ત રાષ્ટ્રની સભામાં તેમના પ્રથમ સંબોધન દરમિયાન મોદી તરફથી યોગ દિવસની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. મોદીએ કહ્યું હતું કે, યોગાથી એનર્જીમાં વધારો થાય છે. આનાથી વિશેષ શક્તિ મળે છે. જુદા જુદા મંત્રાલયો અને વિભાગોને આવરી લઈને સંકલિત પ્રયાસો કરવામાં આવ્યા હતા. લોકોની સક્રિય ભાગીદારી રહે તેના ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં જાણીતા યોગ નિષ્ણાતોને પણ આવરી લેવામાં આવશે. સમાજના જુદા જુદા વર્ગોના લોકોને પણ આવરી લેવાશે. યોગા દિવસના કાર્યક્રમોની તૈયારી શરૂ થઈ ચુકી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ફેસબુક ઉપર પોસ્ટમાં મોદી કહી ચુક્યા છે કે, સમગ્ર વૈશ્વિક સમુદાય ૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં જોડાય તે જરૂરી છે. યોગના જુદા જુદા પાસાઓને આવરી લેવામાં આવે તે પણ જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોદી સરકાર અને ભાજપ શાસિત રાજ્યોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સફળ બનાવવા માટે છેલ્લા કેટલાક દિવસથી તૈયારી થઈ ચુકી છે. ગુજરાતમાં પહેલાથી જ કાર્યક્રમો શરૂ થનાર છે. જેમાં યોગના સંદર્ભમાં ટ્રેનિંગ પણ આપવામાં આવશે અને જરૂરી માર્ગદર્શન પણ અપાશે.

હવે નવા બેંક લાયસન્સો ઓગષ્ટ સુધી જારી કરાશે

તાતા સન્સ અને વિડિયોકોન બેંક લાયસન્સ મેળવી લેવા માટે તેમની અરજી છેલ્લી ઘડીએ પાછી ખેંચી ચુક્યા છે

મુંબઈ,તા. ૩

ઓગષ્ટના અંત સુધી નવા બેકિંગ લાયસન્સ જારી કરવામાં આવનાર છે. આના માટે આરબીઆઈ દ્વારા તમામ તૈયારી કરી લેવામા આવી છે. આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને ગઈકાલે મિન્ટ સ્ટ્રીક ખાતે આરબીઆઈના હેડક્વાર્ટસ ખાતે નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા કહ્યુ હતું કે ઓગષ્ટના અંત સુધી નવા બેકિંગ લાયસન્સ જારી કરવામાં આવનાર છે. આના માટે તમામ તૈયારી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે કેટલીક ખાનગી નાણાંકીય સંસ્થાઓ પણ બેકિંગ લાયસન્સ મેળવી લેવા માટે અરજી કરી ચુકી છે. તેમના કહેવા મુજબ નવા બેકિંગ લાયસન્સ મેળવી લેવા માટે કુલ ૨૬ અરજી આવી ચુકી છે. જે અંગે વિચારણા કરવામાં આવી રહી છે. તાતા સન્સ અને વિડિયોકોન જેવી બે કંપનીઓ મેદાનમાંથી ખસી ગઈ છે. આરબીઆઈના પૂર્વ ગવર્નર બિમલ જાલનના નેતૃત્વમાં એક સમિતીએ ગયા વર્ષે ફેબ્રુઆરી તેનો અહેવાલ સુપ્રત કર્યો હતો. આ કમિટીએ સંબંધિત સંસ્થાઓના નામની ભલામણ કરી હતી. ભારતની રીઝર્વ બેંકે છેલ્લા બે દશકમાં ખાનગી સેક્ટરને ૧૨ બેંક લાયસન્સ આપ્યા છે. જે પૈકી જાન્યુઆરી ૧૯૯૩માં જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા પર આધારિત છે. નવા બેંક લાયસન્સને લઈને વારંવાર યાદી પણ જાહેર કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટને પણ લાયસન્સ આપવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

રઘુરામ રાજન ટુંક સમયમાં લાયસન્સના મામલે અંતિમ નિર્ણય કરે તે પહેલા નિષ્ણાંતો સાથે વાતચીત પણ કરવામાં આવનાર છે. બેંક લાયસન્સ મંજૂર કરતી વેળા કેટલાક નિયમો તમામ કંપનીઓને પાળવા પડશે. જેમાં નાણાં સંબંધિત નિયમોનો પણ સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી વસુંધરા રાજેએ લીલીઝંડી આપી

જયપુર મેટ્રો ટ્રેન આખરે શરૂ થઈ : ભાડુ ૫ રૂપિયાથી શરૂ

જયપુર, તા. ૩

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે આજે જયપુર મેટ્રો સર્વિસ શરૂ કરી દીધી હતી. મુખ્યમંત્રીએ અગાઉ મેટ્રો સર્વિસને લીલીઝંડી આપી હતી. બે વાગ્યા બાદથી સામાન્ય લોકો માટે આને ખોલી દેવામાં આવી હતી. મેટ્રો તેના

તમામ નવ સ્ટેશનથી ઓપરેટ થશે. માનસરોવર સ્ટેશન ખાતે ઉદ્ઘાટન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યા બાદ તેના તમામ નવ સ્ટેશનથી આ સેવા શરૂ થઈ ગઈ હતી. કુલ ૧૦ ચાર કોચની આ ટ્રેન રહેલી છે. આ ટ્રેન દરરોજ ૧૩૧ ટ્રીપ કરી શકશે. મેટ્રો ઓપરેશન સવારે ૬.૪૫ વાગે શરૂ થશે અને રાત્રે ૯ વાગ્યા સુધી ચાલશે. નવ કિલોમીટરના પટ્ટા માટે ભાડુ રૂપિયા પાંચ, દસ અને રૂપિયા ૧૫ રહેશે. વ્યસ્ત કલાકોમાં આ ટ્રેનની ફ્રિક્વસી ૧૦ મિનિટની રહેશે જ્યારે ઓછા વ્યસ્ત કલાક દરમિયાન ૧૫ મિનિટમાં ટ્રેન મળશે. શહેરના નિવાસી વિસ્તાર માનસરોવરથી બિઝનેસ હબ ગણાતા ચાંદપોલને આ વિસ્તાર આવરી લેશે. મેટ્રો ૯.૬૩ કિલોમીટરના વિસ્તારમાં ઈલેવેટેડ સેક્શન ધરાવે છે. સાડા ચાર વર્ષના ગાળામાં આનુ નિર્માણ થયું છે. ઈ-રિક્શા, વેન પણ ઉપલબ્ધ રહેશે. કારણ કે, જયપુર મેટ્રોના તમામ નવ સ્ટેશન પર ફેડરલ સર્વિસ શહેરમાં તેના યાત્રીઓને પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવશે. જયપુર મેટ્રોના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એનસી ગોએલે કહ્યું છે કે, ઈન્ટેગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ હેઠળ અમે ફીડર સર્વિસ શરૂ કરી રહ્યા છે જે હેઠળ ઈ-રિક્શા અને વેન ઉપલબ્ધ રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ સુવિધા કનેક્ટીવીટીને વધારશે. શરૂઆતમાં ઈ રિક્શા અને વેન અડધા કલાકના ગાળામાં અધિકારીઓનું કહેવું છે કે, પીપીપી મોડ હેઠળ આ પેડ સર્વિસ લોકો માટે ઉપયોગી રહેશે. દિવસમાં ૩૩ હજાર લોકોની અવરજવર આ ટ્રેન મારફતે થઈ શકશે.

જહાજ જળસમાધી : ૪૩૦ પ્રવાસીઓ લાપતા

બેજિંગ,તા. ૩

મધ્ય ચીનમાં એશિયાની સૌથી લાંબી નદી યાંગત્સી નદીમાં યાત્રી જહાજ ડુબી જવાથી સાત લોકોના મોત થઈ ગયા છે. જહાજની જળસમાધીના એક દિવસ બાદ હજુ પણ ઓછામાં ઓછા ૪૩૦ લોકો લાપતા થયેલા છે. ખરાબ હવામાન અને વરસાદની પ્રતિકુળ સ્થિતી વચ્ચે પણ ૪૦૦૦થી વધારે લોકો બચાવ કામગીરીમાં લાગેલા છે. હજુ સુધી ૧૪ લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે. વધુ બચી ગયેલા લોકો હજુ હાથ લાગી શકે છે તેવી આશા રહેલી છે. બચાવ કામગીરીમાં ભારે વરસાદ અડચણરૂપ છે. એક ૬૫ વર્ષીય મહિલા તરીને કિનારે પહોંચી ગઈ હતી. જે ૪૦૦૦ લોકો બચાવ કામગીરીમાં છે તેમાં પોલીસ, ફાયર ફાઈટર અને સેનાનો સમાવેશ થાય છે. ચાર માળના આ જહાજમાં ૪૫૬ યાત્રીઓ હતા. જેમાં ૪૦૫ યાત્રીઓ અને ૪૬ ક્રુ મેમ્બરોનો સમાવેશ થાય છે. પાંચ ટુર ગાઈડ

પણ હતા. મોટા ભાગના યાત્રીઓ શંગાઈના હોવાનુ જાણવા મળ્યું છે. મોટા ભાગના લોકોની વય ૬૦ અને ૭૦ વર્ષની વયના હોવાનુ જાણવા મળ્યું છે. ચક્રવાતી વાવાઝોડાના કારણે આ બનાવ બન્યો હતો. બચાવ અને રાહત કામગીરી હવે તરત હાથ ધરવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યુ ંછે કે દોંગફાંગઝિશિંગ અથવા તો ઈસ્ટર્ન સ્ટાર નામના જહાજમાં સેંકડો યાત્રીઓ હતા. આ જહાજ નાનઝિંગથી ચોંગચિંગ તરફ જતી વેળા આ દુર્ઘટના સર્જાઈ હતી. જહાજે નદીના જિયાનલી ક્ષેત્રમાં જળસમાધી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. સરકારી સંસ્થાએ માહિતી આપતા કહ્યું છે કે ગઈકાલે કેપ્ટન અને મુખ્ય એન્જિનિયર સહિત આઠ લોકોને બચાવી લેવામાં સફળતા મળી હતી. કેપ્ટન અને મુખ્ય એન્જિનિયરે દાવો કર્યો હતો કે ચક્રવાતના સકંજામાં આવી ગયા બાદ આ દુર્ઘટના સર્જાઈ હતી. સરકાર સંચાલિત સીસીટીવીએ કહ્યું છે કે પ્રચંડ પવન અને ભાર વરસાદ પણ બનાવ વખતે થઈ રહ્યો હતો.ચીનના વડાપ્રધાન લી કિંવગ બચાવ કામગીરી પર નજર રાખવા ઘટનાસ્થળે જવા માટે રવાના થઈ ગયા હતા. આ વેળા આઠ વિદેશી સહિત ૨૨ના મોત થયા હતા.

૧૧ ભારતીયો ઈસ્લામિક સ્ટેટમાં જોડાયા છે : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૩

તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૧૧ ભારતીયો ઈસ્લામિક સ્ટેટમાં જોડાઈ ચુક્યા છે. ઈરાક અને અન્ય સંબંધિત દેશોમાં સક્રિય આઈએસની અસર દેખાઈ રહી નથી તેવો દાવો સરકાર સતત કરી રહી છે પરંતુ ઈન્ટેલીજન્સ બ્યુરોએ આઈએસ માટે લડી રહેલા ભારતીય લોકોના સ્ટેટ્સ અંગે એક ગુપ્ત અહેવાલ જારી કર્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, કુલ ૧૧ ભારતીયો આ આતંકવાદી સંગઠનમાં જોડાઈ ચુક્યા છે. અહેવાલ મુજબ ૧૧ પૈકીના છ અખાત દેશોમાંથી છે અને જુદા જુદા પાસપોર્ટ ધરાવે છે જ્યારે બાકીના ભારતીય નિવાસીઓ છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓએ હજુ સુધી સત્તાવારરીતે ચાર યુવાનોની ઓળખ કરી છે જે કલ્યાણના છે જેમાં અરીબ માજીદ, અમન નઈમ ટન્ડેલ, વાહીદ ફહાદ તન્વીર શેખ અને શાહીદ ફારુકનો સમાવેશ થાય છે. આ લોકો ઈરાક ગયા હતા અને ગયા વર્ષે આઈએસમાં જોડાયા હતા. આઈએસ માટેની લડાઈમાં લડતી વેળા પાંચ ભારતીયોના મોત પણ થયા છે. આ લોકોની ઓળખ પણ કરી લેવામાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. પાંચ ભારતીયો હજુ પણ આઈએસના ઈરાદા માટે લડત ચલાવી રહ્યા છે. આઈએસ અંગે ભારતીય ઈન્ટેલીજન્સ સંસ્થાએ તેનો અહેવાલ તૈયાર કર્યો છે જે મુજબ આ આતંકવાદી સંગઠન દક્ષિણ એશિયન દેશમાંથી ભરતી કરવામાં નિષ્ફળ રહી છે. ભારતમાં આ સંગઠન ઉપર પ્રતિબંધ છે.

તંદુરસ્ત સમાજ (પાના નં. ૪ નું ચાલુ)

જેમ કે મનુષ્યોમાં પણ જોશો તો જાપાન-ચીન જેવા ઠંડા પ્રદેશોમાં રહેવા વાળા માનવીઓ ગરમ પ્રદેશોમાં રહેવા વાળા માનવીઓ કરતાં લાંબુ જીવન ભોગવે છે. વિષુવૃત ઉપરના દેશોના લોકો જે પછાત છે. આદિવાસી જેવું જીવન જીવે છે તે લોકોનું આયુષ્ય ૩૦થી ૫૦ વર્ષનું હોય છે કારણ કે તે પ્રદેશોમાં મેલેરિયાના જેવા વાયરસની ઉત્પત્તિ ખુબજ પ્રમાણમાં હોય છે અને આથી જ આફ્રિકા જેવા ખંડમાં નવા નવા રોગોની શરૂઆત પહેલા થાય છે. અને જાપાનચીન જેવા ઠંડા પ્રદેશોના દેશોના લોકોનું આયુષ્ય ૯૦ થી ૧૧૦ વર્ષ નોર્મલ હોય છે.

ગરમ પ્રદેશોના લોકોમાં પણ વિકસિત દેશોના લોકોનું આયુષ્ય પછાત દેશોના લોકો કરતાં વધુ હોય છે. આમ કુદરત તમારું આયુષ્ય નક્કી કરવા માટે તમારી રહેણી કરણી, ખોરાક, વાતાવરણ, સમજદારી અને માન્યતાઓ વગેરે બાબતો ઉપર આધાર રાખીને નક્કી કરે છે. આમ ઉકાંતિવાદનો નિયમ સર્વત્ર લાગુ પડે છે. તમારી ઉંમર નક્કી કરવામાં ભગવાન પણ માથું મારતા નથી. તે કામ કુદરતને સોપેલું છે.

જે પ્રાણીઓ કુદરતના નિયમોનું સૌથી વધુ પાલન કરે છે તે પ્રાણીઓ તેમનું કુદરતી આયુષ્ય ભોગવે છે. અને જે પ્રાણીઓ કુદરતના નિયમોનું પાલન કરતાં નથી તે કુદરતી આયુષ્ય ભોગવવા ભાગ્ય-શાળી બની શકતા નથી.

ઉકાંતિવાદના નિયમો નાના સુક્ષ્મ જીવથી લઈને મોટા જીવ બધા માટે સરખો લાગુ પડે છે. ઉકાંતિવાદના નિયમોથી ભગવાન પણ દુર રહી શકતા નથી. આપને જાણીએ છીએ અને ધર્મોમાં પણ બતાવેલું છે કે જેટલા ભગવાનોએ અવતાર લીધા છે તે બધા ભાગવાનોએ પણ ઉંમર પૂરી થાય ત્યારે તેમનો દેહ છોડવો પડ્યો છે.

એક અજાયબી એ પણ છે કે ભગવાન એમનું અસ્તિત્વ છે તેવો સાબિતી લાખો વર્ષથી બતાવતા આવ્યા છે. જેનો અત્યારના સમયનો જીવંત ઉદાહરણ સદભાગ્યે આપણા ગુજરાતમાં છે.

તમને થશે આ વળી શું નવું લાવ્યા? હા, ભગવાન તેમનું અસ્તિત્વ છે તે સાબિત કરવા એક જીવંત ઉદાહરણ આ દુનિયામાં રાખતા આવે છે. આપનું ગુજરાત આ બાબતે નસીબ વાળું છે. સતયુગના સમયથી ગુજરાતને આના લાભ મળતા આવ્યા છે. કૃષ્ણ ભગવાને પણ તેમની કર્મભૂમિ ગુજરાતની દ્વારકા નગરી કરેલી. મોટાભાગના ભગવાનના અવતારો કહેવાતા પ્રસંગો ગુજરાત સાથે જોડાયેલા છે.

હા અત્યારના સમયે ભગવાને આપના વચ્ચે એવી જીવંત સાબિતી ગુજરાતને ભેટ ધરેલી છે. જે જાણીને અમેરિકાની નાસા સંસ્થા પણ ભગવાનના અસ્તિત્વમાં માનવા લાગી છે.

તમે કદાપી એવું વિચાર્યું છે કે માનવી ખોરાક-પાણી વગર આખી જીન્દગી જીવી શકે. હા એવી માતાજીની આશીર્વાદ પામેલી વ્યક્તિ, રીદ્રોલ ગામ પાસે આવેલા ચરાડા ગામ તા. માણસાના મૂળ વતની પ્રહલાદભાઈ જાની ૧૩ ઓગસ્ટ ૧૯૨૯માં જન્મેલા છે અને ૧૧ વર્ષની ઉંમરથી માતાજીની કૃપાથી તેઓ ખોરાક અને પાણી વગર જીવન જીવી રહ્યા છે અને માતાજીની સેવા-પૂજા કરી રહ્યા છે. આ જીવંત ઉદાહરણ માતાજી અને ભગવાનનું છે. માતાજીએ તેમને અન્ન-પાણી વગર જીવન ની કૃપા આપેલી છે છતાં તેમની ઉંમર યુવાનીથી ઘડપણ તેમના શરીર ઉપર દેખાય છે. આમ કુદરત તેનું કામ કરે છે તેમાં ભગવાન પણ માથું મારતા નથી.

સેંસેક્સ ૨૭૦૦૦ની સપાટી ગુમાવી : ૩૫૧ પોઈન્ટ ડાઉન

મુંબઈ,તા. ૩

શેરબજારમાં ઘટાડાનો દોર આજે જારી રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૩૫૧ પોઈન્ટ ઘટીને ૨૬૮૩૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૧ પોઈન્ટ ઘટીને ૮૧૩૫ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ૨૭૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. મિડકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપમાં ક્રમશઃ ૧.૨ અને ૧.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. મોનસૂનને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બજારમાં તીવ્ર ઘટાડો આજે પણ જારી રહેતા કારોબારીઓ દિશાહિન દેખાયા હતા. દુષ્કાળનો ખતરો વધી રહ્યો છે. સાથેસાથે રેટમાં વધુ કાપની શક્યતા દેખાઈ રહી નથી. માંગની અછતના અભાવમાં ૧૩ મહિનાના ગાળામાં પ્રથમ વખત સર્વિસ પ્રવૃત્તિમાં ઘટાડો થયો છે. એફએમસીજી અને ફર્ટીલાઈઝરના શેરમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. ભારતીય હવામાન વિભાગે તેના એપ્રિલના અંદાજમાં ઘટાડો કરીને વરસાદની આગાહી ઘટાડી હતી. હવામાન વિભાગે કહ્યું છે કે, ૮૮ ટકા સુધી સરેરાશ વરસાદ રહેશે. એફએમસીજી, આઈટીસી, એચયુએલ, બ્રિટાનિયા, ડાબર, નેસ્લેના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. બેકિંગ શેરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. નેસ્લેના શેરમાં જોરદાર ઘટાડો રહ્યો હતો. આના માટે મેગીને લઈને વિવાદને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. આઈએમડીની આગાહી શેરબજાર ઉપર માઠી અસર કરી રહી છે. શેરબજાર પત્તાના મહેલની જેમ ફરી એકવાર ગઈકાલે ધરાશાયી થયું હતું. રિઝર્વ બેંક દ્વારા રેટમાં અપેક્ષા મુજબ કાપ મુકવામાં આવ્યો હોવા છતાં તેની ક